ગાંધીનગરસમાચાર

સ્કૂલોના ધાબા પરથી મચ્છરોના પોરા મળ્યા

શહેરમાં મુશળધાર વરસાદ

છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો : મૌસમનો કુલ વરસાદ ૪૦૯ મી.મી.

ગાંધીનગર, તા. ૧૦

ધોધમાર વરસાદની નગરજનોની અપેક્ષા આજે પુર્ણ થઈ હતી. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં લગભગ ત્રણ ઈંચ જેટલો વરસાદ પડતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા.

સમગ્ર ગુજરાતમાં હાલમાં વરસાદી માહોલ જામ્યો છે. કચ્છથી દક્ષિણ ગુજરાત સુધીના વિસ્તારમાં વધતાથી ઓછા પ્રમાણમાં વરસાદ વરસી રહ્યો છે. જો કે ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં જોઈએ તેટલો વરસાદ વરસ્યો ન હતો. માત્ર અડધો કે એક ઈંચ જેટલો વરસાદ નોંધાતો હતો. શહેરીજનો ઘણા સમયથી ધોધમાર વરસાદની અપેક્ષા રાખી રહ્યા હતા. આખરે ગઈકાલથી જોરદાર વરસાદ શરૂ થઈ ચુક્યો છે. ગઈકાલે એક ઈંચ જેટલો વરસાદ પડ્યા બાદ મોડી રાતથી ફરી વરસાદી માહોલ જામ્યો હતો. લગભગ બે કલાક સુધી જોરદાર વરસાદ વરસતા શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. કેટલાક સાહસી યુવાનો મોડી રાત્રે પણ વરસાદનો આનંદ માણવા નીકળી પડ્યા હતા. આખી રાત ક્યારેક ધીમીધારે તો ક્યારેક ધોધમાર વરસાદ વરસ્યો હતો. આજે પણ સવારથી જ વરસાદી માહોલ પુર્ણપણે જામ્યો હતો. બપોર સુધી વરસાદ વરસતો રહ્યો હતો. જો કે બપોર બાદ વરસાદ રોકાતા વસાહતીઓ બજારોમાં ખરીદી કરવા નીકળ્યા હતા. છેલ્લા કેટલાય દિવસોથી વરસાદી માહોલ યથાવત રહેતા છત્રી, રેઈનકોટ સહિતની ચીજવસ્તુઓનું વેચાણ વધ્યુ છે. ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ તાડપત્રીની ખરીદી કરી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૭૨ મી.મી. વરસાદ પડતા નગરજનો ખુશખુશાલ બની ગયા છે. આ સાથે મોસમનો કુલ વરસાદ ૪૦૯ મી.મી. સુધી પહોંચ્યો છે.

જિલ્લામાં સિઝનનો ૫૫ ટકા વરસાદ

કલોલમાં ૪ ઈંચ તો માણસા-દહેગામમાં ૨-૨ ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાના ચારેય તાલુકામાંથી બેથી ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાથી ખેડૂતોમાં મેઘરાજાની આ અમી મહેરથી ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

ગઈકાલે રાત્રે જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકામાં ભારે વરસાદ નોંધાયો હતો. આજે સવારે ૮ વાગે પુરા થતા ચોવીસ કલાકમાં બન્ને તાલુકામાં ચાર-ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે કલોલ ખાતે માણસામાં બે-બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં મેઘરાજાની અમી મહેરથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. આ વરસાદ સાથે જિલ્લામાં ખરીફ ઋતુની વાવણીની કામગીરી પણ અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે.

જિલ્લાના કલોલ-ગાંધીનગર દહેગામમાં આજે દિવસ દરમ્યાન પણ વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. જિલ્લામાં મેઘરાજાએ કરેલ અમી-મહેરને પગલે ખેડૂતોનો ઉત્સાહ બેવડાઈ ગયો છે.

જિલ્લામાં સિઝનનો વરસાદ ૫૪.૪૩ ટકા નોંધાઈ ચુક્યો છે. મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૫૧૫ મિ.મિ., ગાંધીનગરમાં ૩૨૬ મિ.મિ., કલોલમાં ૪૫૩ મિ.મિ. અને માણસામાં ૫૦૯ મિ.મિ. જેટલો વરસાદ આજે સાંજે ૭ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ સિઝનનો ૬૨ ટકા દહેગામમાં, ગાંધીનગરનો ૩૮ ટકા, કલોલમાં ૫૭ ટકા અને માણસામાં ૬૧ ટકા જેટલો નોંધાયો છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન ૮૧૨ મિ.મિ. સિઝનનો નોંધાતો હોય છે.

કાલે થયેલા ભારે વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં વરસાદના પાણીની આવક સારી એવી નોંધાઈ છે. પાણીની આવકને કારણે ગ્રામ્ય વિસ્તરોમાં થોડીક સ્થિતિ ભૂગર્ભ જળની સુધરી હોવાનું કહેવાય છે. જો કે ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ પણ વધ્યુ છે.

એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે બોર્ડ બેઠકમાં ઠરાવ કરાશે

નિગમની બાંધકામ શાખાને જાણ કરી ટુંકમાં જ ડેપોમાં ચોકી શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ હોવાના લીધે રોજબરોજ આમ નાગરિકો પીક પોકેટીંગ તેમજ ચેઈન સ્નેચીંગ સહીતની તસ્કીર વૃતિનો ભોગ બની રહયા છે. ત્યારે વર્ષોથી ડેપોમાં પોલીસ ચોકી બનાવવા માટે પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. પરંતુ આ મામલે એસ ટી નિગમ દ્વારા સલામતીના મુદ્દે ગંભીરતા ન દાખવવામાં આવતી હોવાનો રોષ પ્રગટ્યો છે. ત્યારે એસ ટી નિગમ હવે પોલીસ ચોકી માટે નિગમની બાંધકામ શાખામાં બોર્ડ બેઠક દરમિયાન ઠરાવ કરશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જેના લીધે આગામી દિવસોમાં ડેપો સંકુલમાં પોલીસ પહેરો જોવા મળશે તેમ પણ મનાઈ રહયુ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં અપડાઉન કર્તાઓની અવરજવર વિશેષ જોવા મળે છે. અન્ય મુસાફરોની સાથે રોજબરોજ અપડાઉન કરતા નોકરીયાત અને વિદ્યાર્થીઓ પણ સલામત સવારીનો લાભ લે છે. પરંતુ એસ ટી ની સલામત સવારી માટે ડેપો સંકુલ સલામત ન હોવાનો અહેસાસ અનેકવાર મુસાફરોને થયો છે. ડેપોમાં બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા કપાય છે. પીક પોકેટીંગના બનાવો વધતા મુસાફરો પણ ભયના ઓથા હેઠળ બસમાં ચઢે છે. ઘણીવાર ખિસ્સા કાતરુઓને ડેપોના કર્મચારીઓ દ્વારા જ રંગેહાથ પકડી પોલીસને સોંપવામાં આવ્યા હોવાના પણ કિસ્સા છે. ત્યારે લાંબા સમયથી ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવવા માટેની માંગણી સંતોષાતી નથી. આ મામલે એસ ટી નિગમના વિભાગીય નિયામક એ કે પરમારે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે ખાલી જગ્યાનો સર્વે

ભયજનક આવાસો તોડી નંખાયા બાદ ખુલ્લી થયેલી જગ્યાનો રીપોર્ટ તૈયાર કરી વિભાગને સુપ્રત કરાશે ત્યારબાદ નવા આવાસો માટે સ્થળ પંસદગી કરાશે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ ભયજનક મકાનોને પણ જમીનદોસ્ત કરવા વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવી છે. ત્યારે શહેરમાં નવા સરકારી મકાનો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. પરંતુ મોટાભાગના મકાનો સરકારી મકાનો કંગાળ હાલતમાં હોવાથી રહીશો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે સેકટરોમાં અન્ય ઠેકાણે પણ નવી આવાસ યોજના તૈયાર કરવા માટે ખાલી જગ્યાનો સર્વે હાથ ધરવામાં આવી રહયો છે. વિભાગ કક્ષાએથી તંત્રને મકાનો નિકાલ બાદ ખાલી જગ્યાનો અભ્યાસ કરી રીપોર્ટ કરવા જણાંવાયુ છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવ્યા બાદ હાલ અન્ય ભયજનક મકાનોનો સર્વે કરી તંત્ર દ્વારા માર્ગ મકાન વિભાગને રીપોર્ટ સુપ્રત કરવામાં આવી રહયો છે. શહેરમાં ૧૯૦૦ જેટલા નિકાલ હેઠળના સરકારી મકાનો તોડી નંખાયા બાદ સ્થળ પસંદગીના અંતે નવા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. નવા આવાસોને સુવિધાયુકત અને કોર્પોરેટ લુક આપવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. બીજીતરફ શહેરમાં સરકારી મકાનોની ફાળવણી માટે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા

● અનુસંધાન પાન-૭ પર

સે. ૧ ૩ની વિસ્થાપિતોની વસાહતમાંથી બે કોલેરાના પોઝીટીવ કેસ મળી આવ્યા

સર્વેલન્સમાં આ વસાહતમાંથી વધુ ૧૦ સાદા ઝાડાના કેસ પણ મળ્યા : તાત્કાલિક પાણી પુરવઠો બંધ કરી અને ટેન્કરથી પાણી આપવાના આદેશો કરાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સે. ૧૩ની ઝુંપડપટ્ટી નજીક આવેલ વિસ્થાપિતોની વસાહતમાંથી આજે કોલેરા પોઝીટીવના બે કેસ મળી આવતાં શહેરનું આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે આ વિસ્તારમાંથી ઝાડા-ઉલ્ટીને લઈ એક મહિલા અને એક પુરૂષ દર્દી સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા. જેમને આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાતાં સિવિલ તંત્રએ શહેરી આરોગ્યતંત્રને જાણ કરી હતી.

હરકતમાં આવેલા તંત્રએ તાત્કાલિક આ વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

ઝેરી મેલેરિયાનો એક કેસ સે. ૨૯માંથી મળી આવ્યો

ગાંધીનગર શહેરના સે. ૨૯માં ઘ-૭ નજીકની ઝુંપડપટ્ટીમાંથી ઝેરી મેલેરિયાનો એક કેસ મળી આવતાં મેલેરિયા તંત્રની ટીમે અહિ તાબડતોબ કામગીરી હાથ ધરી છે. સે. ૨૯માં ઘ-૭ની ચોકડી નજીક આવેલ ઝુંપડપટ્ટીમાંથી એક ૧૯ વર્ષીય યુવકને ઝેરી મેલેરિયા થયાનું બહાર આવ્યું છે. આ દર્દીને સે. ૨૯ના દવાખાનામાં સારવાર આપવામાં આવી છે. હાલ દર્દીની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

હરકતમાં આવેલ મેલેરિયા તંત્રની ટીમે આ ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી આજે ૧૨૦થી વધુ બ્લડ સેમ્પલ લઈ અને તપાસ પણ હાથ ધરી છે જો કે અન્ય કોઈ દર્દી મળી આવેલ નથી. મળતી વિગતો પ્રમાણે મળી આવેલ દર્દી દાહોદ જિલ્લાના સંતરામપુર વિસ્તારનો રહીશ છે અને એક સપ્તાહ પૂર્વે જ અહિ રોજગારી માટે આવેલ છે. તંત્રએ ઝુંપડપટ્ટી વિસ્તારમાં ફોગીંગ અને એન્ટી લારવેલની કામગીરી હાથ ધરેલ છે.

ભૂવા પડ્યા - પાટનગરના માર્ગો પર મંગળવારની રાત્રે પડેલા મુશળધાર વરસાદને કારણે ઠેર ઠેર ભૂવા પડ્યા હતા... ઘ-૪ જેવા હાર્દસમા વિસ્તારમાં પણ મોટી ઘેરાઈનો ઉંડો ભૂવો તસવીરમાં નજરે પડે છે... પાર્કિંગમાં પડેલી ગાડીઓ નબળા પૂરાણથી એકાએક પડેલા ભૂવામાં ઉતરી જાય છે... ગાંધીનગરમાં જ મુખ્ય માર્ગો પર આ સ્થિતિ હોય તો રાજ્યના અન્ય શહેરો માટે તો વિચારવાનું જ ક્યાંથી હોય....

સ્કૂલોના ધાબા પરથી મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરની ૨૬ સ્કૂલોમાં આજે શહેરી મેલેરિયા તંત્રએ ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. આ સ્કૂલોના ૨૬૯ જેટલા સ્થાનો પર હાથ ધરાયેલ તપાસમાં ૪૦ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

ગત વર્ષે શહેરમાં ડેન્ગ્યુના નોંધાયેલા કેસોમાં બાળકોના કેસ પ્રમાણમાં વધુ હોવાથી તંત્રએ આજે આ કામગીરી હાથ ધરી હતી. ઘણી બધી શાળાઓમાં તેના ધાબા પર વરસાદી પાણી ભરાઈ રહેતુ હોવાનું પણ તંત્રની ટીમના ધ્યાને આવતાં નિયમિત સફાઈ ચોમાસા દરમ્યાન થાય તે જોવા માટે શાળા સંચાલકોને જણાવવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા હાથ ધરાયેલ તપાસણીમાં બહાર આવેલી વિગતો : વિવિધ સેક્ટરોના મકાનોની ચકાસણીમાં પણ ૧૦૦થી વધુ સ્થાનો પરથી પોરા મળી આવ્યા

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની સંખ્યા ૭૬ જેટલી છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ આજે આ અભિયાન હાથ ધર્યું છે અને આગામી બેદિવસ સુધી આ અભિયાન ચાલશે તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન તંત્રની ટીમોએ આજે વિવિધ સેક્ટરોના ચાર હજાર જેટલા મકાનોની પણ ચકાસણી હાથ ધરી હતી. જ્યાં ૬ હજારથી વધુ પાત્રોની ચકાસણી દરમ્યાન ૧૦૪ જેટલા પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી સઘન બનાવવામાં આવી રહી છે. જો કે જે રીતે પોરાઓ મળી રહ્યા છે તે ચિંતાજનક છે અને તંત્ર માટે મોટો પડકાર ઉભો થયો છે.

સેન્ટ્રલ વિસ્ટામાં તંત્ર દ્વારા મુકાયેલી ડસ્ટબીનોમાં પણ પોરા હોવાની વાત પર તંત્ર મૌન છે. જો કે શહેર વાહકજન્ય રોગચાળા માટે વધુ સંવેદનશીલ બની રહ્યુ છે. તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી માટે પણ શહેરમાં ટીમોને કડક તાકીદ કરી છે.

બેસણું

અમારા પુજ્ય પિતાશ્રી હિમાંશુ લાલશંકર જાની (ગુજરાત વિધાનસભા) તા. ૦૯-૦૮-૨૦૧૬ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૧-૦૮-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, પોલીસ ચોકીની સામે, સેકટર-૭, ગાંધીનગર

ભાર્ગવ ભાનુપ્રસાદ ત્રિવેદી (જમાઈ)
જયની ભાર્ગવ ત્રિવેદી (પુત્રી)
વાણી ભાર્ગવ ત્રિવેદી (દોહીત્રી)

દામિની હિમાંશુ જાની (પત્ની)
સ્વ. તનુજ હિમાંશુ જાની (પુત્ર)
તથા જાની પરિવાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

ભાવિક મહેન્દ્રભાઈ વ્યાસ
જલ્પા ભાવિક વ્યાસ

લિ. મહેન્દ્રભાઈ હીરાલાલ વ્યાસ
નીરૂબેન મહેન્દ્રભાઈ વ્યાસ

બેસણું

અમારા માતૃશ્રી શ્રીમતી **જયાબા વી. રાજપુત** તા. ૮-૮-૨૦૧૬ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૧-૮-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ :- બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર

વિનોદભાઈ વી. રાજપુત
અનિલ વી. રાજપુત
રાજેન્દ્રસિંહ વી. રાણા

દિપક વી. રાજપુત
કમલ વી. રાજપુત
મનોજ વી. રાજપુત

તથા રાજપુત પરિવાર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

જગદીશા સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com